adda247

II gr Tea Ex 2013

adda247

प्रश्न पुस्तिका

कोड / Code : **04**

# **A**

## GUJARATI : PAPER-II

पुस्तिका क्रम

पुस्तिका में पृष्ठों की संख्या : 32

पुस्तिका में प्रश्नों की संख्या : 150

समय / Time : $2\frac{1}{2}$ घंटे / Hours

पूर्णांक / Maximum Marks : 300

### INSTRUCTIONS

1. **Answer all questions.**
2. **All questions carry equal marks.**
3. Only one answer is to be given for each question.
4. If more than one answers are marked, it would be treated as wrong answer.
5. Each question has four alternative responses marked serially as 1, 2, 3, 4. You have to darken only one circle **or** bubble indicating the correct answer on the Answer Sheet using **BLUE BALL POINT PEN.**
6. **1/3 part of the mark(s) of each question will be deducted for each wrong answer.** (A wrong answer means an incorrect answer **or** more than one answers for any question. Leaving all the relevant circles **or** bubbles of any question blank will not be considered as wrong answer.)
7. The candidate should ensure that Series Code of the Question Paper Booklet and Answer Sheet must be same after opening the envelopes. In case they are different, a candidate must obtain another question paper of the same series. Candidate himself shall be responsible for ensuring this.
8. Mobile Phone or any other electronic gadget in the examination hall is strictly prohibited. A candidate found with any of such objectionable material with him/her will be strictly dealt as per rules.
9. Please correctly fill your Roll Number in O.M.R. Sheet. 5 marks will be deducted for filling wrong or incomplete Roll Number.

***Warning :*** If a candidate is found copying or if any unauthorised material is found in his/her possession, F.I.R. would be lodged against him/her in the Police Station and he/she would liable to be prosecuted under Section 3 of the R.P.E. (Prevention of Unfairmeans) Act, 1992. Commission may also debar him/her permanently from all future examinations of the Commission.

### निर्देश

1. सभी प्रश्नों के उत्तर दीजिए ।
2. सभी प्रश्नों के अंक समान हैं ।
3. प्रत्येक प्रश्न का केवल एक ही उत्तर दीजिए।
4. एक से अधिक उत्तर देने की दशा में प्रश्न के उत्तर को गलत माना जाएगा ।
5. प्रत्येक प्रश्न के चार वैकल्पिक उत्तर दिये गये हैं, जिन्हें क्रमश: 1, 2, 3, 4 अंकित किया गया हैं। अभ्यर्थी को सही उत्तर निर्दिष्ट करते हुए उनमें से केवल एक गोले अथवा बबल को उत्तर-पत्रक पर नीले बॉल प्वाइंट पेन से गहरा करना है ।
6. प्रत्येक गलत उत्तर के लिए प्रश्न अंक का 1/3 भाग काटा जायेगा। गलत उत्तर से तात्पर्य अशुद्ध उत्तर अथवा किसी भी प्रश्न के एक से अधिक उत्तर से है । किसी भी प्रश्न से संबंधित गोले या बबल को खाली छोड़ना गलत उत्तर नहीं माना जायेगा।
7. प्रश्न-पत्र पुस्तिका एवं उत्तर पत्रक के लिफाफे की सील खोलने पर परीक्षार्थी यह सुनिश्चित कर लें कि उसके प्रश्न-पत्र पुस्तिका पर वही सीरीज अंकित है जो उत्तर पत्रक पर अंकित है। इसमें कोई भिन्नता हो तो वीक्षक से प्रश्न-पत्र की ही सीरीज वाला दूसरा प्रश्न-पत्र का लिफाफा प्राप्त कर लें। ऐसा न करने पर जिम्मेदारी अभ्यर्थी की होगी।
8. मोबाईल फोन अथवा इलेक्ट्रोनिक यंत्र का परीक्षा हॉल में प्रयोग पूर्णतया वर्जित हैं। यदि किसी अभ्यर्थी के पास ऐसी कोई वर्जित सामग्री मिलती है तो उसके विरुद्ध आयोग द्वारा नियमानुसार कार्यवाही की जायेगी।
9. कृपया अपना रोल नम्बर ओ.एम.आर. पत्रक पर सावधानी पूर्वक सही भरें । गलत अथवा अपूर्ण रोल नम्बर भरने पर 5 अंक कुल प्राप्तांको में से अनिवार्य रूप से काटे जाएंगे।

**चेतावनी :** अगर कोई अभ्यर्थी नकल करते पकड़ा जाता है या उसके पास से कोई अनधिकृत सामग्री पाई जाती है, उस अभ्यर्थी के विरुद्ध पुलिस में प्राथमिकी दर्ज कराई जायेगी और आर. पी. ई. (अनुचित साधनों की रोकथाम) अधिनियम, 1992 के नियम 3 के तहत कार्यवाही की जायेगी। साथ ही आयोग ऐसे अभ्यर्थी को भविष्य में होने वाली आयोग की समस्त परीक्षाओं से विवर्जित कर सकता है।

adda247

1 આ પાણીકળા આગળ મારું મસ્તક નમે છે. (રેખાંકિત સંજ્ઞાપ્રકાર ઓળખાવો)

(1) વ્યક્તિવાચક (2) જાતિવાચક

(3) દ્રવ્યવાચક (4) સમૂહવાચક

2 આપેલ (રેખાંકિત) વિશેષણનો પ્રકાર ઓળખાવો.

નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ.

(1) પરિમાણવાચક (2) સંખ્યાવાચક

(3) સાર્વનામિક (4) ગુણવાચક

3 એકવચનમાં વપરાતી સંજ્ઞા ઓળખાવો.

(1) ઘઉં (2) ચોખા

(3) વાલ (4) વ્હાલ

4 કયા શબ્દનું લિંગ પરિવર્તન શક્ય નથી ?

(1) પગ (2) નાગ

(3) નવલ (4) સુત

5 સાચી જોડણીનો વિકલ્પ જણાવો.

(1) રેલ્વે-મિલ્કત (2) પરિસ્થિતિ-પરીક્ષા

(3) આજીવીકા-અવશેસ (4) વિનય-વીનતિ

adda247

6 ભાવે વાક્ય ઓળખાવો.

(1) કુંવર રડી પડી.

(2) કુંવર પડે છે.

(3) કુંવર રડી પડશે.

(4) કુંવરથી રડી પડાયું.

7 કર્મણિ વાક્ય ઓળખાવો.

(1) દાદાજી વાર્તા વંચાવે છે.

(2) દાદાજી વાર્તા વંચાવશે.

(3) દાદાજીથી વાર્તા વંચાય છે.

(4) પૌત્ર દાદાજી પાસે વાર્તા વંચાવે છે.

8 રાજેશ ચિત્ર દોરે છે - વાક્યનું પુનઃ પ્રેરક વાક્ય ઓળખો.

(1) રાજેશ ચિત્ર દોરતો હતો.

(2) રાજેશ ચિત્ર દોરાવે છે.

(3) રાજેશ ચિત્ર દોરાવશે.

(4) રાજેશ રઘુ પાસે ચિત્ર દોરાવડાવે છે.

9 વાક્યમાં સહાયકારી ક્રિયાપદનું કાર્ય -

(1) મુખ્ય વાક્યનો અર્થ પૂર્ણ કરવાનું

(2) મુખ્ય ક્રિયાપદનો અર્થ પૂર્ણ કરવાનું

(3) કર્તાની વિશિષ્ટ અવસ્થા દર્શાવવાનું

(4) કાળ, અર્થ અને વિશિષ્ટ અવસ્થા દર્શાવવાનું

10 સાચી રીતે થયેલો સંધિ-વિગ્રહ દર્શાવો - મન્વન્તર

(1) મન્વ + અન્તર

(2) મનૂ + અંતર

(3) મન્વં + તર

(4) મનુ + અન્તર



adda247

11 મધ્યમપદલોપી સમાસ ઓળખાવો.

(1) વરાળયંત્ર (2) માથાબૂડ

(3) આશાભર્યું (4) ભક્તિમય

12 વનની શોભા - શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(1) વનશોભા (2) વન-શ્રી

(3) વૃંદાવન (4) વનશ્રી

13 અર્થની દ્દષ્ટિએ જુદો શબ્દ ઓળખાવો.

(1) નદી (2) ધુનિ

(3) તરંગિણી (4) સવિતા

14 તળપદા અને શિષ્ટ શબ્દનું સાચું જોડકું ઓળખો.

(1) ઊચરવું - છટકવું (2) ઊંચરવું - ઊંચકવું

(3) ઊચરવું - કહેવું (4) ઊચરવું - ઉવેખવું

15 ક્રિયાવિશેષણ ક્યારેક રીત દર્શાવે છે તો ક્યારેક ________ પણ દર્શાવે છે.

(1) સમય (2) કર્તા-કર્મ

(3) સ્થાન (4) સમય - સ્થાન

16 વિરુદ્ધાર્થી શબ્દનું સાચું જોડકું જણાવો.

(1) આગેકૂચ × પીછેહઠ
(2) કોમળ × નાજુક
(3) અનુકૂળ × સાનુકૂળ
(4) માન્ય × માનેલ

17 રેખાંકિત કૃદંતનો પ્રકાર જણાવો.

બાળક <u>દોડીને</u> માની પાસે ગયું.

(1) સંબંધક કૃદંત
(2) વર્તમાન કૃદંત
(3) ભૂતકૃદંત
(4) વિધ્યર્થ કૃદંત

18 પર પ્રત્યયવાળો શબ્દ ઓળખાવો.

(1) કૃતિ
(2) પ્રયોગ
(3) સહમંત્રી
(4) સદાચાર

19 'બાંધી લીલી તરણાં-ઝૂલ, ઝૂલતાં લેટ્યાં ફૂલેફૂલ' - છંદ ઓળખાવો.

(1) દોહરો
(2) ચોપાઈ
(3) હરિગીત
(4) સવૈયા

20 વ્યતિરેક અલંકાર ઓળખાવો.

(1) 'વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ, માડીનો મેઘ બારે માસ રે'
(2) 'હૈડું જાણે હિમાલય'
(3) વદન સુધાકરને રહું નિહાળી
(4) જુમો ગાંડાની પેઠે ગાડી સામે દોડતો રહ્યો.



adda247

21 અર્થની દૃષ્ટિએ જુદો પડતો રૂઢિપ્રયોગ ઓળખાવો.

(1) કાન મરડવા
(2) કાન માંડવા
(3) કાન દેવાં
(4) કાન ઊંચા કરવા

22 અર્થની દૃષ્ટિએ જુદી પડતી કહેવત જણાવો.

(1) ઝાઝાં હાથ રળિયામણા
(2) ઝાઝી કીડીઓ સાપને તાણે
(3) ઝાઝાં મળ્યાં ને ખાવા ટળ્યાં
(4) બે હાથ વગર તાળી ન પડે

23 સંયોજકવાળું વાક્ય ઓળખાવો.

(1) ''માડી ! સાચવજે'' એટલું કહીને, એની મા ઘર તરફ પાછી ફરી.
(2) મારા બાપનો બાપ પણ દરિયામાં જ મર્યો.
(3) ''લ્યો રામ ! રામ ! સાંજે ફરવા આવશો કે ?''
(4) પણ દરિયાનું તોફાન સાંભળે છે ?

24 આપેલ શબ્દમાંથી અવ્યય ઓળખાવો.

(1) અનંત
(2) અસીમ
(3) આપ
(4) આમ

25 સર્વનામનો પ્રકાર કયો નથી ?

(1) સાપેક્ષ
(2) પુરુષવાચક
(3) પ્રશ્નવાચક
(4) ગુણવાચક



adda247

26 સંજ્ઞા ઓળખાવો.

(1) ઝબક
(2) ઝબકારો
(3) ઝાંખું
(4) નિષ્ણાત

27 અહીં આવ્યા બાદ મને બહુ અણગમો રહેતો. (રેખાંકિત સંજ્ઞાનો પ્રકાર ઓળખાવો.)

(1) વ્યક્તિવાચક
(2) જાતિવાચક
(3) ભાવવાચક
(4) દ્રવ્યવાચક

28 આપેલ (રેખાંકિત) વિશેષણનો પ્રકાર ઓળખાવો.

ઉપરવાળી બેંક બેઠી છે આપણી માલંમાલ.

(1) પરિમાણવાચક
(2) સંખ્યાવાચક
(3) આશરેવાચી
(4) ગુણવાચક

adda247

29 હંમેશાં બહુવચનમાં વપરાતી સંજ્ઞા ઓળખાવો.

(1) પાણી
(2) ઘાસ
(3) સમાચાર
(4) ગુસ્સો

30 લિંગ પરિવર્તનનું કયું જોડકું ખોટું છે ?

(1) પ્રિયતમ - પ્રિયતમા
(2) પટેલ - પટેલી
(3) રાજા - રાણી
(4) બાલક - બાલિકા

31 સાચી જોડણીનો વિકલ્પ જણાવો.

(1) રિદ્ધિ - સીદ્ધિ
(2) સ્વાભાવિક - સાહજિક
(3) પ્રીતી - ભીતી
(4) શૃંગાર - સણગાર

32 ભાવે વાક્ય ઓળખાવો.

(1) દાદાજી ઝડપથી ચાલે છે.
(2) દાદાજીથી ઝડપથી ચલાય છે.
(3) દાદાજી ઝડપથી ચાલતા નથી.
(4) દાદાજી ઝડપથી ચાલશે નહિ.

33 કર્મણિ વાક્ય ઓળખાવો.

(1) શરદી થઈ હોય તો દહીં ન ખવાય.
(2) શરદી થઈ હોય તો દહીં ન ખાઈશ.
(3) શરદી થઈ હોય તો દહીં ના ખા.
(4) શરદી થઈ હોય તો દહીં ખાતો નહીં.

34 શિક્ષક વાર્તા કહે છે – વાક્યનું પુનઃ પ્રેરક વાક્ય ઓળખાવો.

(1) શિક્ષક વાર્તા કહેશે.
(2) શિક્ષકથી વાર્તા કહેવાય છે.
(3) શિક્ષક વાર્તા કહાવે છે.
(4) શિક્ષક વાર્તા કહેવડાવે છે.

35 સાચી રીતે થયેલો સંધિ - વિગ્રહ દર્શાવો - રમેશ

(1) રમ્ + ઈશ
(2) રામ + ઈશ
(3) રમે + ઈશ
(4) રમા + ઈશ

36 મધ્યમપદલોપી સમાસ ઓળખાવો.

(1) કાંડાઘડિયાળ
(2) શાંતિકર
(3) સ્નેહભર્યું
(4) ભક્તિલીન

37 સામાના મનને જાણનાર - શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(1) અંતર્ગુહા
(2) અંતર્ગત
(3) અંતર્ગામી
(4) અંતર્યામી

38 વિરુદ્ધાર્થી શબ્દનું સાચું જોડકું જણાવો.

(1) ઊર્ધ્વગામી × અધોગામી
(2) ઝંખના × ઇચ્છા
(3) પુરોગામી × ઉર્ધ્વગામી
(4) નિકાસ × નિકાલ

39 અર્થની દૃષ્ટિએ જુદો શબ્દ ઓળખાવો.

(1) પ્રજ્ઞા
(2) મતિ
(3) મેધા
(4) મેઘા

40 તળપદા અને શિષ્ટ શબ્દનું સાચું જોડકું ઓળખાવો.

(1) પેઠે - પેટે
(2) પેઠે - જેવા
(3) પેઠે - જેમ
(4) પેઠે - પેઢે

41 ક્રિયાવિશેષણ માટે ઉચિત નથી.

(1) ક્રિયાપદના અર્થમાં વધારો કરે
(2) ક્રિયાનો સમય - સ્થાન બતાવે
(3) ક્રિયાની રીત બતાવે
(4) વિશેષણના અર્થમાં વધારો કરે

42 રેખાંકિત કૃદંતનો પ્રકાર જણાવો.

બાળક <u>દોડવા</u> માટે માને પૂછતું હતું.

(1) હેત્વર્થ કૃદંત
(2) વર્તમાન કૃદંત
(3) સંબંધક ભૂતકૃદંત
(4) ભવિષ્ય કૃદંત

43 નિપાતવાળું વાક્ય દર્શાવો.

(1) મારેય તમારી સાથે આવવું છે.
(2) પણ મારે તમારી સાથે આવવું છે.
(3) તમે કહો તો મારે તમારી સાથે આવવું છે.
(4) તમે હા કહો પછી હું તમારી સાથે આવું છું.

44 પર પ્રત્યયવાળો શબ્દ ઓળખાવો.

(1) પાલક
(2) વિયોગ
(3) અમૃત
(4) પરદેશ

45 શિખરિણી છંદ ઓળખાવો.

(1) 'લડો પાપો સામે, વિમળ દિલના ગુપ્ત બળથી'
(2) 'ધમાલ ન કરો જરાય નહિ નેન ભીના થશો'
(3) 'દીઠા હેતે, સ્મૃતિપડ બધા ઉકલ્યા આપ રૂડા'
(4) 'પાસે જેવી, ચરતી હતી આ ગાય તેવો જ હું છું'

adda247

46 સમાન અર્થવાળી કહેવત કઈ નથી ?

(1) ભેંસ આગળ ભાગવત
(2) ઉજ્જડ ખેડે બાજે ઢોલ
(3) આંધળાની સામે આરસી
(4) સુથારનું મન બાવળિયે

47 પૂર્વ પ્રત્યયવાળો શબ્દ ઓળખાવો.

(1) કુદરતી
(2) કુકર્મ
(3) સુરજીત
(4) કુલદીપ

48 પુરુષવાચક સર્વનામનો પ્રકાર -

(1) સ્વવાચક
(2) સાપેક્ષ
(3) દર્શક
(4) અનિશ્ચિતતા વાચક

49 નપુંસકલિંગ દર્શાવો.

(1) પ્રકાર
(2) પ્રકરણ
(3) પ્રસિદ્ધિ
(4) પ્રમોદ

50 પ્રેરક વાક્ય ઓળખાવો.

(1) દાદીમા 'રામાયણ' સંભળાવે છે.
(2) દાદીમાને 'રામાયણ' સંભળાય છે.
(3) દાદીમાથી 'રામાયણ' સંભળાય છે.
(4) દાદીમાએ 'રામાયણ' સાંભળ્યું.



adda247

51 ક્રિયાપદનું સાચું જોડકું ઓળખાવો.

(1) ચીરવું - ફાડવું
(2) ચીરવું - ફૂટવું
(3) ચીરવું - તૂટવું
(4) ચીરવું - તરડાવું

52 'ક્ષય'નો વિરોધી શબ્દ આપો.

(1) અક્ષય
(2) વૃદ્ધિ
(3) ક્ષતિ
(4) નાશ

53 શિષ્ટરૂપ જણાવો 'પાંતી'

(1) હાર
(2) પ્રાંત
(3) પોથી
(4) પોંચી

54 વાક્યમાં નિપાત પ્રયોજાતા તેના ________ ફરક પડે છે.

(1) મહત્ત્વમાં
(2) કાર્યમાં
(3) શબ્દમાં
(4) અર્થમાં

55 પર પ્રત્યય ન હોય તેવો શબ્દ -

(1) વહીવટદાર
(2) ખાનાર
(3) સીવણ
(4) અમૃત

adda247

56 આંસુડે વાવે છે અમરવેલ – રેખાંકિત પદની વિભક્તિ ઓળખાવો.

(1) કર્તા
(2) કર્મ
(3) કરણ
(4) અધિકરણ

57 'ઈન્દ્રપ્રસ્થજનો આજે વિચાર કરતા હતા.' (છંદ ઓળખાવો)

(1) મંદાક્રાન્તા
(2) અનુષ્ટુપ
(3) મનહર
(4) ચોપાઈ

58 હરિગીત છંદનું ઉદાહરણ દર્શાવો.

(1) સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ
(2) ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા
(3) જ્યાં - જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની
(4) દીપકના બે દીકરા, કાજલ ને અજવાશ

adda247

59 અલંકાર ઓળખાવો.

ધરણી ધ્રૂજાવતા બે પગ સ્તંભની માફક કમરના મથાળા ઉપર ઉપલા શરીરને ધારી રહ્યા હતા.

(1) ઉપમા
(2) ઉત્પ્રેક્ષા
(3) રૂપક
(4) સજીવારોપણ

60 નીચેનામાંથી કયો રૂઢિપ્રયોગ નથી ?

(1) મોં કાળું થવું
(2) મોં સંતાડવું
(3) મોં સુંદર હોવું
(4) મોં પડી જવું

61 સમાન અર્થ ધરાવતા રૂઢિપ્રયોગ ઓળખાવો.

1 શિંગડા માંડવાં
2 શિંગડાં મેળવવાં
3 શિંગડે લેવું
4 શિંગડાં ઊગવાં

(1) 1, 2
(2) 2, 3
(3) 1, 3
(4) 1, 4

62 સમાન અર્થ ધરાવતી કહેવત ઓળખાવો.

1 આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય
2 પૂછતા પંડિત થવાય
3 પારકી આશ સદા નિરાશ
4 પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય

(1) 1, 2
(2) 2, 3
(3) 1, 3
(4) 2, 4

63 સંયોજકવાળું વાક્ય દર્શાવો.

(1) કોઈ વળી હક કરીને ઠપકો પણ આપે.
(2) કોઈનું મરણ થયું હોય તો સ્મશાનમાં પણ આવે.
(3) એ કાળે તાંબાં પિત્તળનાં વાસણો જ વપરાતાં.
(4) કેટલું મોડું કર્યું તમે અલીભાઈ, આ વખતે ?

64 કાજે, વિશે, તરફ, માફક __________ છે.

(1) નામયોગી
(2) પ્રત્યય
(3) સંયોજક
(4) અવ્યયી

adda247

65 અયોગ્ય જોડકું ઓળખાવો.

(1) ગરીબ - ગરીબી
(2) લાલ - લાલી
(3) પહોળું - પહોળાઈ
(4) પાપ - પાપી

66 રેખાંકિત ક્રિયાવિશેષણ ઓળખાવો, - રેતી ખૂબ તપી ગઈ હશે.

(1) માત્રાસૂચક
(2) રીતવાચક
(3) સંભાવનાવાચક
(4) સમયસૂચક

67 યોગ્ય વિરામચિહ્નો મૂકેલું વાક્ય જણાવો.

(1) માડી, સાચવજે !
(2) "લ્યો, રામ ! રામ ! સાંજે ફરવા આવશો કે ?"
(3) શું નિર્ભયતાથી જ ચારિત્ર ઘડાતું હશે ?
(4) "કેમ દોસ્ત ઓળખાણ પડે છે."

68 સંકુલ વાક્ય ઓળખાવો.

(1) એને વહેમ પડ્યો કે આ બકરી નથી.
(2) આપ વડીલ છો પણ આ બાબતે હું લાચાર છું.
(3) લોકોના વર્તનથી તે અવાક્ બનીને જોઈ રહ્યો.
(4) જેમ રજા મળે તેમ અભ્યાસ શરૂ કરી દેવો.

69 ખોટો વિકલ્પ દર્શાવો.

(1) પુનઃકથન = પુર્ન + કથન
(2) અધોગતિ = અધસ્ + ગતિ
(3) નિસ્તેજ = નિસ્ + તેજ
(4) રામેશ્વર = રામ + ઈશ્વર

70 દ્વંદ્વ સમાસનું ઉદાહરણ આપો.

(1) આબોહવા (2) પાલક

(3) પગરખાં (4) કૃષ્ણપક્ષ

71 <u>બરાબર સાફ કરવું તે</u> - એક શબ્દ આપો.

(1) પરિશીલન (2) પરિપ્રેક્ષણ

(3) પરિરક્ષિત (4) પરિમાર્જન

72 સમાનાર્થી ન હોય તેવો શબ્દ શોધો.

(1) રત્નાકર (2) મહેરામણ

(3) અર્ણવ (4) કાસાર

73 તળપદી શબ્દ જણાવો.

(1) હરવર (2) હલનચલન

(3) યાદ (4) હરવું-ફરવું

74 કયો શબ્દ સમાનાર્થી નથી ?

(1) વાવટો (2) પતાકા

(3) વૈજ્યંતી (4) વાવડો



adda247

75 નીચેનામાંથી કયો શબ્દાલંકાર નથી ?

(1) વર્ણાનુપ્રાસ (2) પ્રાસસાંકળી

(3) ઉત્પ્રેક્ષા (4) અંત્યાનુપ્રાસ

76 પંક્તિમાં એકવાર પ્રયોજાયેલ એક જ શબ્દના બે અર્થ સૂચવતો અલંકાર -

(1) વ્યાજસ્તુતિ (2) શ્લેષ

(3) રૂપક (4) યમક

77 કયા અક્ષરમેળ છંદમાં 17 અક્ષર નથી ?

(1) શિખરિણી (2) પૃથ્વી

(3) મંદાક્રાન્તા (4) સ્રગ્ધરા

78 શાંતિ પથરાઈ જવી - અર્થ સૂચવતો રૂઢિપ્રયોગ ઓળખાવો.

(1) સોપો પડી જવો (2) શોભાનું પાન કરવું

(3) દંગ રહી જવું (4) ખમા - ખમા કરવું

79 લાભ દેખાય ત્યાં ઘણાં દોડી આવે - અર્થ ધરાવતી કહેવત ઓળખાવો.

(1) લોભે લક્ષણ જાય

(2) લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મ્હોં ધોવા જવું

(3) લીલા વનના સૂડા ઘણા

(4) લોભિયા વસે ત્યાં ધૂતારા ભૂખે ન મરે



adda247

80 રાજા ભગીરથે ગંગાને સ્વર્ગથી અહીં ઉતારી. - વાક્યમાં વપરાયેલ પ્રત્યય કઈ વિભક્તિ સૂચવે છે ?

(1) પ્રથમા - ષષ્ઠી - તૃતીયા
(2) પ્રથમા - દ્વિતીયા - પંચમી
(3) પ્રથમા - પંચમી - સપ્તમી
(4) પ્રથમા - દ્વિતીયા - તૃતીયા

81 રવાનુકારી શબ્દ દર્શાવો.

(1) કૂદંકૂદા
(2) કિચૂડકિચૂડ
(3) આટઆટલું
(4) થાગડથીગડ

82 સરદારે ઘણી ચડતી-પડતીનો અનુભવ કર્યો હતો - અર્થ દર્શાવવા માટે કયો રૂઢિપ્રયોગ પ્રયોજી શકાય ?

(1) ખૂબ અનુભવ કરવા
(2) તડકા-છાંયડા જોવા
(3) ખૂબ પરસેવો પાડવો
(4) રાત-દિવસ જોવા નહિ

83 બહુવચનનો પ્રત્યય લાગતો નથી ?

(1) આંખ
(2) હાથ
(3) પ્રવાહ
(4) નદી

84 જાળવવું - ક્રિયાપદનો અર્થ દર્શાવો.

(1) સાચવવું
(2) જાળ પાથરવી તે
(3) જાળ
(4) જાળું પાડવું

85 આ સમાસમાં ઉત્તરપદ ક્રિયાધાતુ હોય છે.

(1) ઉપપદ (2) તત્પુરુષ

(3) કર્મધારય (4) મધ્યમપદલોપી

86 અયોગ્ય જોડકું ઓળખાવો.

(1) કાર્યમાં લીન થયેલ - કારભારી

(2) પૃથ્વી આકાશ સાથે મળતી જણાય તે કલ્પિત રેખા - ક્ષિતિજ

(3) દિવસના અંતે - દિનાન્તે

(4) પગનું રક્ષણ કરનાર - પાદત્રાણ

87 'ધરાળ'નો વિરોધી શબ્દ આપો.

(1) ઉલાળ (2) પછાડ

(3) ધરાહર (4) ઉખાર

88 શિષ્ટરૂપ જણાવો - 'મોઝાર'

(1) મધ્યે (2) મજા

(3) મોર (4) મોજાં

89 સદ્‌ભાગ્ય હોવું - અર્થ સૂચવતો રૂઢિપ્રયોગ ઓળખાવો.

(1) કપાળે કંકુ હોવું (2) કપાળે લખાવું

(3) કપાળ ધોવું (4) કપાળે ચોંટવું

90 ખૂબ જ કંજૂસ હોવું - અર્થ ધરાવતી કહેવત ઓળખાવો.

(1) સંપત પ્રમાણે સોડ તાણે (2) ચોર કોટવાળને દંડે

(3) ચમડી તૂટે પણ દમડી ન છૂટે (4) સસ્તું ભાડું ને સિદ્ધપુરની યાત્રા

91 પ્રાચીન ગુર્જર ભાષાની આરંભની કૃતિઓમાં ભરતેશ્વર બાહુબલિ ઘોરનો સમય કયો માનવામાં આવે છે ?

(1) ઈ.સ. 1169 લગભગ (2) ઈ.સ. 1185 લગભગ

(3) ઈ.સ. 1210 લગભગ (4) ઈ.સ. 1161 લગભગ

92 'તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં' આ પંક્તિનો સાહિત્ય પ્રકાર કયો છે ?

(1) પદ (2) કાફી

(3) ચાબખા (4) છપ્પો

93 ખાયણાં લઘુ કાવ્ય પ્રકારમાં કઈ સંવેદના હોય છે ?

(1) સંસારી જીવનનાં કડવાં-મીઠાં (2) વિરહ

(3) દેશપ્રેમ (4) મિલન

94 સમૂહનૃત્યમાં લયબદ્ધ રીતે ગાવામાં આવતાં ગીત વિશેષને શું કહેવામાં આવે છે ?

(1) ફાગુ (2) પ્રબંધ

(3) આખ્યાન (4) રાસ

95 રાસની સૌ પ્રથમ રચનાનું નામ શું ?

(1) સંદેશક રાસ (2) ભરતેશ્વર બાહુબલિ રાસ

(3) કછુલિ રાસ (4) ભરતેશ્વર બાહુબલિ ઘોર

adda247

96 નરસિંહે રાસલીલામાં જે કાંઈ જોયું તેનું નિરૂપણ કઈ કૃતિમાં કર્યું છે ?

(1) દાણલીલા (2) ઝારીનાં પદો

(3) સુદામા ચરિત્ર (4) ચાતુરિઓ

97 'મુખડાની માયા લાગી રે' પદ કોનું છે ?

(1) દયારામ (2) નરસિંહ મહેતા

(3) વલ્લભ (4) મીરાં

98 પ્રેમાનંદના પુત્ર તરીકે કોનો ઉલ્લેખ થાય છે ?

(1) જ્ઞાનેશ્વર (2) વલ્લભ

(3) વીરજી (4) માંડણ

99 કાફી પ્રકારની કાવ્ય રચના મધ્યકાળના કયા કવિ પાસેથી મળે છે ?

(1) નરહરિ (2) ધીરો

(3) ભોજો (4) અખો

100 'ઉજ્જડ ખેડા ફરી વસે, નિર્ધનીયા ધન હોય, ગયો જોબન આવે નહીં, મુઆ ન જીવે કોઈ' આ કયો કાવ્ય પ્રકાર છે ?

(1) રાસ (2) સૉનેટ

(3) બારમાસી (4) મુક્તક

adda247

101 મધ્યકાળની ભક્તિ શૃંગારની કવિતાનું ઉત્તુંગ શિખર કોણ છે ?

(1) દલપતરામ (2) દયારામ

(3) નરસિંહ મહેતા (4) નાકર

102 'જૂનું ઘર ખાલી કરતાં' સૉનેટ કાવ્યના કવિ કોણ છે ?

(1) બ. ક. ઠાકોર (2) બાલમુકુન્દ દવે

(3) રા. વિ. પાઠક (4) સુંદરમ્

103 નીચે પૈકી ઉમાશંકર જોશીનું સૉનેટ છે.

(1) સદ્ગત મોટાભાઈ (2) રહ્યાં વર્ષો તેમાં

(3) આધુનિક અરણ્ય (4) ભરતી

104 પારકા જણ્યાં નવલકથાના કર્તા કોણ છે ?

(1) પન્નાલાલ પટેલ (2) ઉમાશંકર જોશી

(3) પિતાંબર પટેલ (4) શિવકુમાર જોશી

105 પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિ કથા કઈ નવલકથાને કહે છે ?

(1) કૃષ્ણાવતાર (2) ઝેર તો પીધાં છે જાણી જાણી

(3) સરસ્વતીચંદ્ર (4) વનાંચલ

106 કલાપીની માલા અને મુદ્રિકા નવલકથા કઈ ભાષાનું રૂપાંતર છે ?

(1) હિન્દી (2) મરાઠી

(3) અંગ્રેજી (4) બંગાળી



adda247

107 માનવીની ભવાઈ નવલકથાની રચના સાલ કઈ છે ?

(1) ઈ.સ. 1951 (2) ઈ.સ. 1950

(3) ઈ.સ. 1935 (4) ઈ.સ. 1947

108 'ગુલબંકાવલિ' જેવી ફારસી વાર્તાનો ગુજરાતીમાં અનુવાદ કયા લેખકે આપ્યો ?

(1) બહેરામજી મર્ઝબાન (2) જહાંગીર તાલીયારખાન

(3) કેખૂશરો (4) માણેકજી દેસાઈ

109 ગુજરાતી ટૂંકીવાર્તાના આધુનિક સ્વરૂપના જનક તરીકેનું બિરુદ જો કોઈ એક વ્યક્તિને અપાય તો તે ધૂમકેતુને જ મળે. આ ઉક્તિ કોની છે ?

(1) રઘુવીર ચૌધરી (2) કાન્ત

(3) બાબુ દાવલપુરા (4) સ્નેહરશ્મિ

110 નીચેનામાંથી સુરેશ જોશીનો વાર્તાસંગ્રહ કયો છે ?

(1) પંકજ (2) દ્વિરેફની વાતો

(3) ગૃહપ્રવેશ (4) ગોરજ

adda247

111 શર્વિલક નાટકના કર્તા કોણ છે ?

(1) જયંતી દલાલ (2) રસિકલાલ પરીખ

(3) ક. મા. મુનશી (4) ચં. ચી. મહેતા

112 હોહોલિકા હાસ્યનાટકના કર્તા કોણ છે ?

(1) જયંતી દલાલ (2) ગિજુભાઈ બધેકા

(3) ક. મા. મુનશી (4) ચં. ચી. મહેતા

113 કઈ કૃતિને 'ભૂંગળ વિનાની ભવાઈ'ના નામે ઓળખવામાં આવે છે ?

(1) મિથ્યાભિમાન (2) માનવીની ભવાઈ

(3) ફાર્બસ વિલાસ (4) લક્ષ્મીનાટક

114 નાનાલાલના નાટકોમાં કઈ ભાવના પ્રગટ થઈ ?

(1) અહિંસા (2) આત્મલગ્ન

(3) સત્ય (4) દેહલગ્ન

115 'ઝિરિમિરિ ઝિરિમિરિ ઝિરિમિરિ મેહા વરિસંતિ' એ પંક્તિ કઈ કૃતિમાં આવે છે ?

(1) નેમિનાથ ફાગુ (2) નારાયણ ફાગુ

(3) સ્થૂલિભદ્ર ફાગુ (4) હરિવિલાસ ફાગુ

116 'હંસરાજ વત્સરાજ ચઉપઈ' કયા જૈન કવિની કૃતિ છે ?

(1) માધવ (2) વિજયભદ્ર

(3) શીલભદ્ર (4) સમયસુંદર

117 'જ્યારે મારાથી ન રહેવાયું ત્યારે જ લખ્યું છે' આ પંક્તિ કઈ કૃતિના સંદર્ભમાં કહેવાઈ છે ?

(1) દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ (2) હિંદ સ્વરાજ

(3) સત્યના પ્રયોગો (4) બાપુના પત્રો

118 અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિક દૃષ્ટિએ પ્રથમ સર્જક કોણ હતા ?

(1) દયારામ (2) નર્મદ

(3) મહિપતરામ (4) દલપતરામ

119 અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં ભવાઈના વેશોનો સંગ્રહ ભવાઈ સંગ્રહ કોણે આપ્યો ?

(1) નંદશંકર (2) અસાઈત

(3) મહિપતરામ નીલકંઠ (4) દયારામ

120 પંડિતયુગને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?

(1) સાક્ષરયુગ કે ગોવર્ધનયુગ (2) અનુઆધુનિકયુગ

(3) પંડિતયુગ કે સુધારકયુગ (4) ગાંધીયુગ

121 અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં ડોલનશૈલી કોણે પ્રયોજી ?

(1) કાન્ત (2) ન્હાનાલાલ

(3) નરસિંહરાવ (4) સુંદરજી બેટાઈ

122 ગાંધીયુગનું સાહિત્ય કયો ભાવ પ્રગટ કરતું સાહિત્ય છે ?

(1) દીનજન વાત્સલ્ય (2) પ્રણયભાવ

(3) પ્રકૃતિ (4) શોકનો ભાવ

adda247

123 ગાંધીયુગના અગ્રગણ્ય નિબંધકાર તરીકે કોનો ઉલ્લેખ થાય છે ?

(1) રા. વિ. પાઠક (2) દિગીશ મહેતા

(3) કાકાસાહેબ કાલેલકર (4) પન્નાલાલ પટેલ

124 સુમન શાહ કયા સર્જકને ઘટનાના બેતાજ બાદશાહ કહે છે ?

(1) ચંદ્રકાંત બક્ષીને (2) રઘુવીર ચૌધરીને

(3) સુરેશ જોશીને (4) મધુ રાયને

125 અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં હાર્મોનિકાનો પ્રયોગ કોણે કર્યો ?

(1) સરોજ પાઠક (2) શ્રીકાંત શાહ

(3) મોહનલાલ પટેલ (4) મધુ રાય

126 અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં કયા કવિ મહાકવિ તરીકે ઓળખાય છે ?

(1) કાન્ત (2) વિનોદ જોશી

(3) ન્હાનાલાલ (4) શામળ

127 નીચેનામાંથી કયું સાહિત્ય સ્વરૂપ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સ્વરૂપ નથી ?

(1) ચાબખા (2) કાફી

(3) ગરબા (4) સૉનેટ

128 નીચેનામાંથી કયું જોડકું ખોટું છે ?

(1) દર્શક - સોક્રેટીસ (2) ઉમાશંકર જોશી - નિશીથ

(3) ગો. મા. ત્રિપાઠી - સત્યના પ્રયોગો (4) ધૂમકેતુ - પોસ્ટ ઓફિસ

adda247

129 નીચેનામાંથી કયું જોડકું સાચું છે ?

(1) નાટ્યકાર - સતીશ વ્યાસ (2) કવિ - પન્નાલાલ પટેલ

(3) નવલકથાકાર - દલપતરામ (4) વાર્તાકાર - કલાપી

130 નીચેનામાંથી કઈ કૃતિ આત્મકથા છે ?

(1) ઘડતર અને ચણતર (2) માનવીની ભવાઈ

(3) પિંગળસાર (4) અતિજ્ઞાન

131 નીચેનામાંથી કયું શિક્ષણ પરંપરાગત નથી ?

(1) ગુરુ શિષ્ય સંવાદ (2) પ્રૌઢ શિક્ષણ

(3) ગુરુકુળ (4) આશ્રમશાળા

132 નીચેનામાંથી કયું શિક્ષણ પરંપરાગત છે ?

(1) પ્રૌઢ શિક્ષણ (2) મુક્ત વિશ્વવિદ્યાલય

(3) નયી તાલીમ (4) ગુરુકુળ

133 વર્ગખંડના વિવિધ વિદ્યાર્થીઓને વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખી કઈ પદ્ધતિ અપનાવશો ?

(1) પરંપરાગત શિક્ષણ પદ્ધતિ (2) આધુનિક શિક્ષણ પદ્ધતિ

(3) વાર્તાલાપ પદ્ધતિ (4) વૈવિધ્યસભર અધ્યયન પદ્ધતિ

134 જો વિદ્યાર્થી પૂછેલા પ્રશ્નનો ઉત્તર ન આપી શકે તો.....

(1) વિદ્યાર્થીને સજા કરવી જોઈએ.

(2) શિક્ષકે પોતે ઉત્તર આપવો જોઈએ.

(3) વિદ્યાર્થીને ઉત્તર આપવા પ્રોત્સાહિત કરવો જોઈએ.

(4) અન્ય વિદ્યાર્થીને પૂછવું જોઈએ.

adda247

135 વિદ્યાર્થીની લેખન ક્ષમતા વધે તે માટે શું કરવું જોઈએ ?

(1) વધારે અને વધારે ગૃહકાર્ય આપવું જોઈએ.

(2) વિદ્યાર્થીને સંભાળીને કે જોઈને લખવાનો અભ્યાસ કરાવવો જોઈએ.

(3) કોઈના દબાણની ધમકી આપીને લખવા મજબૂર કરવો જોઈએ.

(4) સુલેખનનો અભ્યાસ કરાવવો જોઈએ.

136 વર્ગ શિક્ષકમાં કયું લક્ષણ અનિવાર્ય રીતે હોવું જોઈએ ?

(1) શરીર સૌષ્ઠવ (2) આકર્ષક વસ્ત્રપરિધાન

(3) ત્વરિત બોલવાની શક્તિ (4) સ્પષ્ટ અને શુદ્ધ વાણી

137 કેળવણી કયા પ્રકારની ધ્રુવીય પ્રક્રિયા છે ?

(1) એક ધ્રુવીય (2) દ્વિ ધ્રુવીય

(3) ચતુર્થ ધ્રુવીય (4) બહુ ધ્રુવીય

138 નીચેનામાંથી કયું ક્ષેત્ર શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં સમાવિષ્ટ નથી ?

(1) શિક્ષણનો દાર્શનિક સંદર્ભ

(2) સમૂહ ગતિશીલતા

(3) સંયોજન પ્રક્રિયા

(4) અધ્યાપક અને શિક્ષણથી થતા અનુસંધાનોનું મૂલ્યાંકન

139 શબ્દનો સાચો અર્થ જણાવવા માટે કઈ સામગ્રીનો ઉપયોગ કરશો ?

(1) જોડણીકોશ (2) સાહિત્યકોશ

(3) વિશ્વકોશ (4) થીસોરસ

140 વર્ગ પાઠનો પ્રારંભ કરતી વખતે નીચેનામાંથી કઈ પદ્ધતિનો ઉપયોગ કરશો ?

(1) સીધું મર્મકથન (2) હેતુલક્ષી પ્રશ્નો

(3) દૃષ્ટાંત કથન (4) કર્તા પરિચય

adda247

141 સહશિક્ષણ હોય તો વિજાતીય વિદ્યાર્થી પ્રત્યેનું વલણ કેવું હોવું જોઈએ ?

(1) સંબંધ રાખશો કે નહીં

(2) કંઈ પૂછે તો જ ઉત્તર આપવો તેવું વલણ

(3) મજાક-મશ્કરી કરશો

(4) એની સાથે નિયમિત સાચી-ખોટી ચર્ચા કરશો

142 બધા વિદ્યાર્થીઓ હડતાળ પાડવાનું નક્કી કરે તો તમારું વલણ કેવું હશે ?

(1) હડતાળનું કારણ સાચું હોય તો જોડાઈ જવું.

(2) વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી, હડતાળમાં ન જોડાવવા વિનંતી કરવી.

(3) બધા હડતાળ પર જશે તો તમે વર્ગમાં જશો.

(4) ઉદાસીન રહેશો.

143 શિક્ષક સારું નથી ભણાવતા તો કોને ફરિયાદ કરશો ?

(1) આચાર્યશ્રી

(2) શિક્ષકને સીધી

(3) ચાલુ વર્ગે રજૂઆત કરશો

(4) અન્ય વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીને રજૂઆત કરશો

adda247

144 નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો :

(અ) જમીનમાં રહેલા પાણીની ભાળ મેળવનારને 'પાણીકળો' કહેવાય છે.

(બ) ઉપરથી નીચે તરફ આવતા માર્ગના વળાંકને 'ઊલાળ' કહેવાય છે.

(1) (અ) સાચું છે અને (બ) ખોટું છે.

(2) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

(3) (અ) અને (બ) બંને સાચાં છે.

(4) (અ) અને (બ) બંને ખોટાં છે.

145 (અ) અને (બ) વિભાગમાંથી સમાનાર્થી શબ્દોના જોડકાં બનાવો :

| (અ) | | (બ) | |
|---|---|---|---|
| (અ) | શરીર | (i) | બુદ્ધિ |
| (બ) | મેધા | (ii) | અવાજ |
| (ક) | ભાલ | (iii) | ડિલ |
| (ડ) | રવ | (iv) | કપાળ |

| | (અ) | (બ) | (ક) | (ડ) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (i) | (iv) | (ii) |
| (2) | (ii) | (iii) | (iv) | (i) |
| (3) | (i) | (ii) | (iii) | (iv) |
| (4) | (iv) | (iii) | (ii) | (i) |

146 (અ) અને (બ) વિભાગમાંથી સમાનાર્થી શબ્દોના જોડકાં બનાવો :

| (અ) | | (બ) | |
|---|---|---|---|
| (અ) | મેધ | (i) | ગ્રીષ્મ |
| (બ) | મેઘ | (ii) | શિકારી |
| (ક) | નિષાદ | (iii) | બલિ |
| (ડ) | નિદાઘ | (iv) | વર્ષા |

| | (અ) | (બ) | (ક) | (ડ) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (iii) | (i) | (ii) |
| (2) | (iii) | (iv) | (ii) | (i) |
| (3) | (ii) | (i) | (iii) | (iv) |
| (4) | (i) | (ii) | (iv) | (iii) |

adda247

147 કાગળ હરી લખે તો બને - આ પંક્તિ કયા ગુજરાતી કવિની છે ?

(1) મીરાં
(2) ન્હાનાલાલ
(3) રમેશ પારેખ
(4) નિરંજન ભગત

148 નીચેનામાંથી કયો અર્થ સંશોધનને લાગુ પડતો નથી ?

(1) ન હોય ત્યાં સુધી શોધવું.
(2) અનાવૃત્તને આવૃત્ત કરવું.
(3) વિશુદ્ધ કરવું.
(4) પરંપરાનુસરણ કરવું.

149 સંશોધન પ્રક્રિયાને યોગ્ય ક્રમમાં ગોઠવો.

(1) સમસ્યા - સર્વેક્ષણ - ઉહાપોહ - તારણ
(2) સર્વેક્ષણ - ઉહાપોહ - સમસ્યા - તારણ
(3) તારણ - સમસ્યા - સર્વેક્ષણ - ઉહાપોહ
(4) ઉહાપોહ - તારણ - સર્વેક્ષણ - સમસ્યા

150 નીચેનાં વિધાનોની યોગ્યતા તપાસો :

(અ) 'હાથના કર્યા હૈયે વાગે' કહેવત છે.
(બ) 'ઝાઝાં હાથ રળિયામણા' રૂઢિપ્રયોગ છે.

(1) (અ) સાચું અને (બ) ખોટું છે.
(2) (અ) ખોટું અને (બ) સાચું છે.
(3) (અ) અને (બ) બંને સાચાં છે.
(4) (અ) અને (બ) બંને ખોટાં છે.

adda247

adda247